Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ • અંક ૨૮૪ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 • તા. ૧૫/૦૧/૨૦૨૬ • પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

**સમૂહ લગ્નો શા માટે ?**

આપણી જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ નિયુક્ત સમૂહ લગ્ન સમિતિ દ્વારા આગામી ૬૭મો સમૂહ લગ્ન ૪ નવયુગલો સાથે (વસંતપંચમી મહા સુદ ૫) શુક્રવાર તા. ૨૩-૦૧-૨૦૨૬ના પાટીદાર ભવન, ડોંબીવલી ખાતે યોજાવા જઈ રહ્યો છે ત્યારે સમૂહ લગ્નના લાભોને લઈને આપણે ખૂબ જ સકારાત્મક રહેવું જોઈએ.

ખાસ કરીને સમૂહ લગ્નોને ફક્ત ખર્ચ બચતનું સાધન નહી, પરંતુ સામાજિક એકતા, દાન-ધર્મ અને સંસ્કારી કુટુંબીક જીવનને મજબૂત બનાવતી રીતે પણ જોવું જોઈએ.

સમૂહ લગ્નમાં આર્થિક લાભ તો હોઈ જ છે જેમ કે વર-વધુ પક્ષ બંનેના લગ્ન ખર્ચમાં ભારે કાપ પડે છે, કારણ કે મંડપ, જમણ, સજાવટ જેવી મુખ્ય વ્યવસ્થાઓ જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ નિયુક્ત સમૂહ લગ્ન સમિતિ એક સાથે કરે છે.

જેથી ફૂકાવા અને દેખાવા માટે થતા અતિશય ખર્ચ પર આપોઆપ અંકુશ આવી જાય છે જે આપણી જ્ઞાતિમાં સરળ અને સયંમીત લગ્ન પ્રવૃત્તિને પ્રોત્સાહન અપાવે છે.

સામાજિક સમાનતા અને એકતાના ભાગ સ્વરૂપ સમૂહ લગ્નમાં ગરીબ, મધ્યમવર્ગ અને સુસંસ્કૃત ધનિક પરિવાર પણ એક જ મંચ પર લગ્ન કરે છે, જેનાથી વર્ગ-ભેદ અને ભેદભાવ ઘટાડવામાં મદદરૂપ બને છે.

તેમજ એક જ સમારંભમાં અનેક કુટુંબોમાં એકતા આવતા પરસ્પર ઓળખાણ, સહકાર અને સમાજની અંદર સ્નેહબંધન વધુ મજબૂત બને છે.

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ)

**સર્વે જ્ઞાતિજનોને ઉતરાયણ અને મકર સંક્રાંતિ પર્વ નિમિત્તેની ખુબ ખુબ હાર્દિક શુભકામના.**

**પ્રજાસતાક દિવસ ૨૬મી જાન્યુઆરી**

આપણો આગામી ૭૬મો પ્રજાસતાક દિવસ સોમવાર, તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૬ના આવી રહ્યો છે આ નિમિતે ટ્રસ્ટ ફંડની દરેક વાડીમાં સ્થાનિક ટ્રસ્ટીઓ સાથે સ્થાનિક સમાજ, યુવા મંડળ, મહિલા મંડળના હોદેદેરોની ઉપસ્થિતિમાં ધ્વજન વંદન - દેશ ભક્તિ ગીતો સહ સવારે ૮.૩૦ કલાકે હર્ષોલ્લાસથી પરંપરાગત રીતે ઉજવાશે. સૌ જ્ઞાતિજનોને પ્રજાસતાક દિવસે પોતાની નજદીકની વાડીમાં યોજાતાં ધ્વજવંદનમાં ભાગ લઈ રાષ્ટ્ર ભાવના ઉજાગર કરવા નમ્ર વિનંતી છે.

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર ટ્રસ્ટ ફંડ-મુંબઈ**

**ચેરમેન : શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી - મે.ટ્રસ્ટી : શ્રી પ્રકાશભાઈ હરજી માવાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા

**તારીખ ૩ જાન્યુઆરી અને ૪ જાન્યુઆરી ૨૦૨૬ના યોજાયેલ ''ધર્મસભા''**

ગત તારીખ ૩ જાન્યુઆરીએ ઘાટકોપર વાડી ખાતેના આયોજનમાં શ્રીમદ્ જગતગુરૂ દ્વારાચાર્ય શ્રી કબીર રવિભાણ સંપ્રદાય આચાર્ય શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શંતિદાસજી મહારાજની ઉપસ્થિતિમાં ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘાટકોપર ખાતે એમનું સ્વાગત ૧૧ ગોયણીઓએ માથે ઘડી લઈ ઢોલ નગારા વગાડી એમના શુભ સામૈયાથી કરવામાં આવ્યું હતું. ચંદન ટીકા અને અક્ષતથી સર્વે આવેલ ટ્રસ્ટીગણો અને માનદ મહેમાનોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રસ્ટ ફંડના ચેરમેન શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ હરજી માવાણી યુવા મંડળ મુંબઈના મહામંત્રી શ્રી ભાવેશભાઈ પોકાર અને મહિલા મંડળ મુંબઈના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી અને મહામંત્રી શ્રીમતી પૂનમબેન રામજીયાણી તથા ધર્મસભાના મુખ્ય વક્તા શ્રી શ્રી શાંતિદાસજી મહારાજ દ્વારા ઉમિયા માતાજી તથા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી ધર્મસભાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, યુવા મંડળ મુંબઈ તથા મહિલા મંડળ મંડળ મુંબઈના પદાધિકારીઓ દ્વારા શાલ અને પુષ્પમાળ અર્પણ કરી શ્રી શાંતિદાસજી મહારાજનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને પછી આશરે ૫૦૦ જેટલા જ્ઞાતિજનોએ પરમપૂજ્ય શાંતિદાસજી મહારાજના પ્રવચનનો અને ત્યારબાદ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

બીજે દિવસે ૪ જાન્યુઆરીના ડોંબીવલી વાડી ખાતે થયેલ આયોજનમાં સૌ પ્રથમ જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ટ્રસ્ટીશ્રીઓ, પરમ પૂજ્ય સ્વામી શ્રી શાંતિદાસ મહારાજ, યુવા મંડળ મુંબઈ, મહિલા મંડળ મુંબઈ, ડોંબીવલી સમાજ, યુવક મંડળ ડોંબીવલી અને મહિલા મંડળ ડોંબીવલીના પદાધિકારીઓ દ્વારા કુળદેવી ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ લક્ષ્મી નારાયણની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ

અનુસંધાન પાના નં. ૨ પર...

SHEETAL Group

આદરણીય જ્ઞાતિજનો ઘરનું ઘર લેવું હોય કે ધંધાનો વિકાસ કરવો હોય તો હવે નાણાંની ચિંતા નહીં
SHEETAL GROUP દ્વારા મેળવો 0%*સર્વિસ ચાર્જ થી બેંકો માંથી...

• હોમ લોન 7.25%* • મોર્ગેજ લોન 8.50%* • ઓવરડ્રાફ્ટ 8.00%* • બિઝનેસ લોન (MSME) 10.50%*
• બિઝનેસ લોન • વર્કિંગ કેપિટલ • કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ લોન • પારદર્શક પ્રક્રિયા • અનુભવી ટીમનું નિષ્ણાત માર્ગદર્શન
• ઝડપી અને સરળ લોન મંજૂરી.

વધુ માહિતી માટે સંપર્ક કરો: 7700007204 અંબાવી હાથિયાણી / પટેલ SHEETAL GROUP, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.







## ડોંબીવલી મધ્યે સડસઠમાં લગ્નોત્સવમાં ભાગ લઈ રહેલા નવયુગલો

**D 1**



**ચિ. ગાયત્રી**
કિશોર પટેલ (માવાણી)
હાલે : ઠાકુંલી
ગામ : દેશલપર (વાંઢાય)



**ચિ. પ્રિયન**
સુરેશ લીંબાણી
હાલે : ડોંબીવલી
ગામ : જીયાપર

**D 2**



**ચિ. ઈશા**
ભાવિન પરવાડિયા
હાલે : ડોંબીવલી
ગામ : દરશડી



**ચિ. કેવલ**
અરવિંદ જબુઆણી
હાલે : ઠાકુંલી
ગામ : મમાયમોરા

**D 3**



**ચિ. તેજલ**
વિનોદ પટેલ (લિબાંણી)
હાલે : ડોંબીવલી
ગામ : દરશડી



**ચિ. સુરજ**
હરેશ પોકાર
હાલે : નાશિક
ગામ : જનકપુર

**D 4**



**ચિ. સ્નેહલ**
રાજેશ પટેલ (સેંઘાણી)
હાલે : થાણા
ગામ : ઘડુલી



**ચિ. શુભમ**
રાજેશ પટેલ (લીંબાણી)
હાલે : થાણા
ગામ : ઘડુલી

**શ્રી કચ્છી કડવા જ્ઞાતિ ટ્રસ્ટ મુંબઈ દ્વારા.....**

પાના નં. ૧થી ચાલું...

શરૂઆત કરાવેલ હતી. ત્યારબાદ જ્ઞાતિ ટ્રસ્ટમુંબઈના ટ્રસ્ટીઓ, યુવા મંડળ મુંબઈ, મહિલા મંડળ મુંબઈ, ડોંબીવલી સમાજ, યુવક મંડળ ડોંબીવલી મહિલા મંડળના પદાધિકારીઓ દ્વારા પરમ પૂજ્ય સ્વામી શ્રી શાંતિદાસજી મહારાજનું શાલ, પુષ્પમાળા તેમજ પુષ્પથી સન્માન કરેલ હતું ત્યારબાદ જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિલાલ નારાયણસેંઘાણીએ પોતાના મંતવ્યમાં પાટીદાર ભવનના નિર્માણ વિશેષ માહિતી આપેલ હતી તેમજ સનાતન ધર્મના વિષય પર પોતાના મંતવ્યો જણાવેલ હતા. ત્યારબાદ બાળ સંસ્કાર કેન્દ્ર ડોંબીવલીના બાળકો દ્વારા આપણા વિવિધ તહેવારો મંત્રો વગેરે વિષયો પર સંગીતમય પ્રસ્તુતિઓ રજૂ કરેલ હતી. ત્યારબાદ વક્તા શ્રી પરમ પૂજ્ય સ્વામી શ્રી શાંતીદાસજી મહારાજ એ પોતાના મંતવ્યોમાં સનાતન સંસ્કૃતિ સાથે કેવી રીતે જોડાઈ રહેવું, માતા-પિતાને સેવાનું મહત્વ ગુરૂપરંપરા, પારિવારિક જીવન કેવી રીતે સુખમય રાખવું, ઉચ્ચ શિક્ષણ દ્વારા વિવિધ ક્ષેત્રમાં પદવી મેળવી સમાજને મદદરૂપ થવું અને સામાજિક એકતા સમરસતા ભાતૃભાવને ટકાવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સનાતન ધર્મની સંસ્કૃતિ ટકાવી આગલી પેઢીને સંસ્કૃતિનો વારસો આપી જવાનું કહ્યું હતું. સનાતન ધર્મની ઘટતી જતી વસ્તીના દુષ્પપરિણામો વિશે અવગત કરાવતાં આવા જલદ વિષયો પર સામાજિક ધોરણે ચિંતન કરવા અપીલ કરી હતી. સમાજ તેમજ રાષ્ટ્રની સુરક્ષા સંસ્કૃતિ અને સાહસ વડે કરી શકાય. ધર્મ સભામાં આવા અનેક સરળ ઉદાહરણ આપી મહારાજશ્રીએ સામાજિક એકતા અને રાષ્ટ્રીય એકતા પર ભાર મૂક્યો હતો.

જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા અત્યાર સુધી જેટલી પણ ધર્મસભાનું આયોજન કરેલ હશે એમાં કદાચ આ પ્રથમ ધર્મ સભા હશે જેમાં ૧૨૦૦ થી પણ વધારે જ્ઞાતિજનોની હાજરીથી ડોંબીવલી પાટીદાર ભવનના પહેલો માળો ખીચો ખીચ ભરાઈ ગયેલ હતો. ત્યારબાદ મહાપ્રસાદનો આનંદ લઈ ધર્મસભાનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

ડોંબીવલી અને ઘાટકોપર એમ બંને વાડીમાં આશરે ૧૭૦૦ જ્ઞાતિજનોએ પરમ પૂજ્ય શ્રી શાંતિદાસજી મહારાજની અમૃતવાણી લાભ લીધો હતો.

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર ટ્રસ્ટ ફંડ-મુંબઈ**

**ચેરમેન : શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી - મે.ટ્રસ્ટી : શ્રી પ્રકાશભાઈ હરજી માવાણી**

વાણી વર્તન અને વ્યવહાર એ સંસ્કારનો ઓળખપત્ર છે.

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ પ્રેરિત

**શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી**

**શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી - શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મહળ-ડોબીવલી**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ આયોજન સમિતિ આયોજીત**

## ''શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ''

પરમ કૃપાળુ પરમાત્મા કુળદેવી શ્રી ઉમિયા માતાજી તથા ઈષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણની અસીમ કૃપાથી ડોંબીવલીના આંગણે જ્ઞાનની અવિરત ગંગા ''શ્રીમદ્ ભાગવત'' રૂપે પ્રગટવા જઈ રહી છે.

આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના વ્યાસને પ.પૂ. ભગવતી જયશ્રી દેવી (મંગલધામ આશ્રમ-નાગલપર-નખત્રાણા (કચ્છ) બીરાજી સંગીતમય રસમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે, તેજ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં વિશેષ ઉપસ્થિતિ એવમ આશિર્વાદ આપવા શ્રીમદ્ જગત ગુરૂ દ્વારાચાર્ય શ્રી કબિર રવિભાણ સંપ્રદાય આચાર્ય શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શાંતિદાસ મહારાજના શુભ હસ્તે દિપ પ્રજવલિત કરી કાર્યક્રમનો શુભારંભ કરવા જઈ રહ્યા છે ત્યારે આ પરંપરાગત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા ડોંબીવલી સમાજ, યુવક મંડળ, મહિલા મંડળ, આયોજન સમિતિ મુંબઈમાં વસ્તા સર્વે જ્ઞાતિજનોને સહપરિવાર કથાનું રસપાન કરવા તેમજ દરરોજ મહાપ્રસાદ લેવા હાર્દિક આમંત્રણ આપઠવીએ છીએ.

**-: કાર્યક્રમની રૂપરેખા :-**

મંગલ પ્રારંભ : વિ.સં. ૨૦૮૨ ફાગણ સુદ નોમ, તારીખ ૨૫-૦૨-૨૦૨૬ ને બુધવાર
કથા વિ રામ : વિ.સં. ૨૦૮૨ ફાગણ સુદ પૂનમ, તારીખ ૦૩-૦૩-૨૦૨૬ ને મંગળવાર
કથા સમય : બપોરે ૩.૦૦ થી ૬.૩૦ ક્લાકે - કથા પ્રાંગણ - પાટીદાર ભવન (ડોંબીવલી)

**★ કથાના પાવન પ્રસંગો ★**

| | |
|---|---|
| પોથી યાત્રા<br>તા. ૨૫-૦૨-૨૦૨૬ને બુધવાર<br>સમય : સવારે ૮.૦૦ કલાકે | દિપ પ્રાગટ્ય<br>પ.પૂ. શ્રી શાંતિદાસ મહારોજના શુભ હસ્તે<br>તા. ૨૫-૦૨-૨૦૨૬ને બુધવાર<br>સમય : સવારે ૧૦.૩૦ કેલાકે |
| કથા પ્રારંભ<br>તા. ૨૫-૦૨-૨૦૨૬ને બુધવાર<br>સમય : સવારે ૧૧.૦૦ કલાકે | શ્રી રામ જન્મોત્સવ<br>તા. ૨૮-૦૨-૨૦૨૬ને શનિવાર<br>સમય : સાંજે ૪.૩૦ કલાકે |
| શ્રી ક્રિષ્ણ જન્મોત્સવ<br>તા. ૨૮-૦૨-૨૦૨૬ને શનિવાર<br>સમય : સાંજે ૫.૩૦ કલાકે | ગોવર્ધન પૂજા/અન્નકોટ<br>તા. ૦૧-૦૩-૨૦૨૬ને રવિવાર<br>સમય : સાંજે ૬.૦૦ કલાકે |
| રૂક્ષ્મણી વિવાહ<br>તા. ૦૨-૦૩-૨૦૨૬ને સોમવાર<br>સમય : સાંજે ૫.૩૦ કલાકે | સુદામા ચરિત્ર<br>તા. ૦૩-૦૩-૨૦૨૬ને મંગળવાર<br>સમય : સાંજે ૫.૩૦ કલાકે |
| કથા વિરામ<br>તા. ૦૩-૦૩-૨૦૨૬ને મંગળવાર<br>સમય : સવારે ૧૧.૩૦ કલાકે | નારાયણ યજ્ઞ<br>તા. ૦૩-૦૩-૨૦૨૬ને મંગળવાર<br>સમય : બપોરે ૩.૦૦ કલાકે |

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ - ડોંબીવલી**
**શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી - શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી**
**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ આયોજન સમિતિ**

### શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ...

પાના નં. ૪થી ચાલું...

૬. ઉપરોક્ત સમાજમાં તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી ઓછામાં ઓછા ૬ (છ) વર્ષથી સભ્યપદ ધરાવતા સભ્યોજ ઉપરોક્ત ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. ઉમેદવારી-પત્રક વોટ્સઅપ દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. જેનું પ્રીન્ટ કાઢીને વાપરી શકાશે. ઉમેદવારને પ્રીન્ટેડ ઉમેદવારી પત્રક જોઈતું હોય તો ચૂંટણી પંચ તેમજ વર્તમાન કારોબારીના સભ્યો પાસેથી મેળવી શકશે. ઉમેદવાર પોતાનું ઉમેદવારી પત્રક આપવા રૂબરૂ આવી શકે તેમ ન હોય તો ઘાટકોપર સમાજના ઉમેદવાર એવા ઓથોરાઈસ્ડ વ્યક્તિ દ્વારા મોકલાવી શકશે.

ઉપરોક્ત ચુંટણી માટે આપ સર્વે ભાઈબહેનોને ચુંટણી પ્રકીયામાં સક્રીય ભાગ લેવા ચુંટણીપંચ સહર્ષ નિમંત્રણ પાઠવે છે.

**લી. આપના વિશ્વાસુ, ચુંટણીપંચ ૨૦૨૬**
**શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ) વતી**
**શ્રી અરૂણ હંસરાજ નાકરાણી (કન્વીનર)**

**શ્રી છગનલાલ કાનજી પોકાર** — **શ્રી પ્રકાશ હરજી માવાણી**
**શ્રી નરસી સામજી સેંઘાણી** — **શ્રી રમેશ વિશ્રામ વાસાણી**

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત**
**સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ**

OJJAS™

### નસકોરા
**(દવા વગર કુદરતી ઉપચાર)**

- આજકાલ તનાવગ્રસ્ત જીવન ને લીધે ઘણી નાની ઉંમરની વ્યક્તિઓ માં પણ આ સમસ્યા જોવા મળે છે.
- નસકોરા બોલાવવા એ ખૂબ સામાન્ય સમસ્યા છે. જે લગભગ દરેક વ્યક્તિ ને અસર કરે છે.
- નસકોરા બોલાવવા એટલે ઊંઘ દરમ્યાન જ્યારે હવા નો પ્રવાહ મોઢા અને નાકમાં અટકવાથી નીકળતો કર્કશ અવાજ.
- વારંવાર નાકનું બંધ થવું અથવા નસકોરા વચ્ચે ની વાંકીચૂકી દિવાલ અથવા નાક માં થયેલી નાની ગાંઠો જે વાયુ માર્ગ ને અવરોધે છે.




હાથ ના અંગૂઠા માં વટાણા નો દાણો લગાડો અને ગ્રીન કલર કરો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)

આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળીમાં મેથી ના દાણા લગાડો.

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંધાણી – 9137868465
Email id -- ojjastherapy11@gmail.com

### તંત્રી સ્થાને થી.....

પાના નં. ૧થી ચાલું...

જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ દ્વારા સમૂહ લગ્ન સાથે દાન, વિદ્યાર્થીઓને સહાય અને સામાજિક સેવાના કાર્યક્રમો પણ યોજાતા હોવાથી સમાજમાં જાગૃતિ અને સેવા ભાવનાનો વિકાસ થાય છે.

ધાર્મિક-સાંસ્કૃતિક સંસ્કારની દ્રષ્ટીએ જોઈએ તો આપણી હિન્દુ સનાતન ધર્મમાં લગ્નને એક પવિત્ર સંસ્કાર અને ધર્મપાલનનો માર્ગ માનવામાં આવે છે; સમૂહ લગ્નમાં વૈદિક રીતરિવાજ સાથે સાદગીપૂર્વક આ સંસ્કારનું પાલન થાય છે. એક સાથે અનેક યુગોલો હવન, મંત્રોચ્ચાર અને સંસ્કારોમાં જોડાતા હોય છે, જેનાથી ધાર્મિક વાતાવરણ ઊભું થાય છે અને યુવાન પેઢીને પણ પરંપરાનો જીવંત અનુભવ મળે છે.

તેમજ વિવિધ સંતો, ધાર્મિક આગેવાનો તેમજ સમાજના વરિષ્ઠો સમૂહ લગ્નોત્સવોમાં ઉપસ્થિત રહેતા હોવાથી સંસ્કારી દાંપત્ય જીવન વિષયક પ્રેરક માર્ગદર્શન પણ મળે છે.

અંતે જ્ઞાતિ અને રાષ્ટ્ર માટે ઉપયોગીતા બનતા સમૂહ લગ્નો દ્વારા ફાલતુ ખર્ચ, લોન અને દેવાના બોજ ઘટાડવામાં મદદ મળવાથી સમાજનો આર્થિક સ્વાસ્થ્ય સુધરે છે, જેનો સીધો ફાયદો રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અને જ્ઞાતિની વાડીને મળતા વધુ દિવસો અને વધુ આવક જે વાડીના નુતનીકરણ સાથે વિકાસ કાર્યને પણ આડકતરી રીતે સહાયરૂપ બનાવતું હોય છે.

આમ સુવ્યવસ્થિત, સંસ્કારી અને આર્થિક રીતે સંભાળીને કરવામાં આવેલા દાંપત્ય જીવનથી કુટુંબ પ્રણાલી મજબૂત બને છે, જે આપણી જ્ઞાતિની વિશેષ ઓળખ ઉભી કરે છે.

આ રીતે આપણી જ્ઞાતિમાં યોજાતા સમૂહ લગ્નોત્સવને માત્ર લગ્નવિધિ નહીં, પરંતુ આર્થિક સંયમ, સામાજિક એકતા, સંસ્કાર અને નારી ગૌરવ સ્વરૂપે નિહાળીએ એ જ અભિલાષા સાથે.....

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**

**ઉત્તમ પુસ્તકો માનવીના જીવનનું શ્રેષ્ઠ ઘડતર કરે છે.**

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)

આયોજીત

**મુંબઈ પાટીદાર સ્ટાર સીંગર**

પ્રસ્તુત

**દેશ ભક્તિ કે રંગ સબકે સંગ**

**લાઈવ મ્યુઝીકલ શો**

**સોમવાર, તા. ૨૬-૦૧-૨૦૨૬, પાટીદાર વાડી ઘાટકોપર**

**બપોરે ૩.૦૦ કલાક થી**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાલો આપણા સૌ સાથે મળીને પ્રજાસત્તાક દિનની યાદગાર ઉજવણી કરીએ. આ દિવસે આપણા જ સનાતની પાટીદાર ભાઈઓ અને બહેનો દેશભક્તિની સાથે નવા જૂના ગીતોની વણઝાર લઈને આવી રહ્યા છે તો આપણા જ આ કલાકારોનો ઉત્સાહ વધારવા અને આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે આપ સૌ સમાજના સભ્યોને ભાવભર્યું આમંત્રણ છે.

**રાત્રે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**પ્રમુખ : શ્રી પ્રફુલ રસિકલાલ નાકરાણી**

**મહામંત્રી : શ્રી રૂપેશ ડાયાલાલ સાંખલા**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ (ઘાટકોપર)
## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ (મુંબઈ)ના

સથવારે ફરી એકવાર આપની પ્રેરણા અને પ્રોત્સાહનથી આપણા સમાજની મહિલઓની નવી છબી પ્રસ્તુ કરતુ !!!

તદ્દન નવા રંગરૂપ સાથે પ્રસ્તુ કરીએ છીએ

**વામા કસ્તુરી**

**સિજન - ૮**

**તા. ૨૮ ફેબ્રઆરી, શનિવાર ૨૦૨૬**

**સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર**

**સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૮.૩૦ સુધી**

**આવો વ ામા સાથે વિકસીયે અને વિસ્તરીયે**

સ્ટૉલ બુકિંગ વહેલા તે પહેલાના ધોરણે રહેશે. સ્ટૉલ બુકિંગનું ચાર્જ રૂા. ૨૭૦૦/- રહેશે.

ખાસન નોંધ : રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ રહેશે.

**લિ. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ (ઘાટકોપર)**

**પ્રમુખ : શ્રીમતી કુસુમબેન રામજીયાંણી**

**મહામંત્રી : શ્રીમતી મનીષાબેન વેલાણી**

## ફંડ આયોજન સમિતિનો અહેવાલ

આપ સૌ જ્ઞાતિજનોને જણાવવાનું કે જે તા. ૧૫ ઓકટોબર ૨૦૨૫ જે અહેવાલ આપેલ છે રામનિવાસ તેમ જ ઉમા નિવાસનું રીડેવલપમેન્ટ વિશે તે ફક્ત જ્ઞાતિજનોને જાણકારી જ આપવામાં આવેલ છે તેને તમો સાર્વજનિક જાહેરાત ન ગણશો.

તે જગ્યાએ બનાવામાં આવનાર રેસીડેન્ટ બિલ્ડીંગ તેમનું બુકીંગ ફક્ત ચેરીટેબલ કમિશન તેમ જ મહારેરા નો નંબર લીધા બાદ તથા અન્ય જરૂરી પરવાનગી લીધા બાદ જ લેવામાં આવશે તેની ખાસ નોંધ લેશો. અન્ય કોઈ માહિતી કે ખુલાસા માટે કાર્યાલયમાં સંપર્ક સાધી શકો છો.

પ્રમુખ : શ્રી રામજી પ્રેમજી સેંઘાણી - મંત્રી : શ્રી કાંતિલાલ નારાયણ સેંઘાણી

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)

નિયુક્ત

## ચૂંટણી પંચ-૨૦૨૬

પાટીદાર વાડી, એલ.બી.એસ.માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

**પરિપત્ર**

**કાર્યવાહક સમિતીની ચૂંટણી**

ઉપરોક્ત સમાજના સર્વે આદરણીય સભ્યોને જણાવતા આનંદ થાય છે કે ઉપરોક્ત સમાજની કાર્યકાળ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૧-૦૩-૨૦૨૯ માટે કાર્યવાહક સમિતીની ચૂંટણી પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબ કરવામાં આવશે.

**સમય-પત્રક**

| નં. | પ્રક્રિયા | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ઉમેદવારી-પત્રક સ્વિકારવા | ૦૮-૦૨-૨૬ | બ. ૩ થી સાં. ૬ |
| ૨ | ચૂંટણી પંચ દ્વારા ચકાસણી બાદ યોગ્ય ઉમેદવારી પત્રકો/રદબાતલ અથવા ક્ષતિગ્રહસ્ત ઉમેદવારી પત્રકોની યાદી પ્રકાશિત કરવા | ૨૨-૦૨-૨૬ | સાંજે ૫ કલાકે |
| ૩ | જે ઉમેદવારનું ઉમેદવારી પત્ર ક્ષતિગ્રસ્ત/રદ્દબાતલ કરવામાં આવેલ હોય તેમને ચુંટણી પંચ સમક્ષ ખુલાસો આપવા અવસર (આ બાબત આખરી નિર્ણય ચૂંટણી પંચ અને ઉમેદવારોની (ક્ર.૪ પ્રમાણેની સંયુકત મિટિંગમાં લેવામાં આવશે) | ૨૭-૦૨-૨૬ | સાંજે ૫ થી ૭ |
| ૪ | ચૂંટણી પંચ તથા ઉમેદવારોની સંયુકત મિટિંગ (દરેક ઉમેદવારે ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. (ગેરહાજર ઉમેદવારના ઉમેદવારી પત્રક બાબત ચૂંટણી પંચ આખરી નિર્ણય લઈ શકશે જે સૌને બંધન કરતા રહેશે.) નોંધ : ઉમેદવાર ચૂંટણી પંચને લખાણમાં જણાવીને ઘાટકોપર સમાજનો સભ્ય હોય તેવા ઓથોરાઈસ્ડ પ્રતિનિધિ દ્વારા હાજર રહી શકશે અને ઉમેદવારના ઓથોરાઈસ્ડ પ્રતિનિધિએ લીધેલ નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે | ૦૧-૦૩-૨૬ | બ.૩ થી સાંજે ૬ |
| ૫ | ઉમેદવારી પાછી ખેંચવાની સમય મર્યાદા (અથવા ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ વધારાનો ટાઈમ) | ૦૧-૦૩-૨૬ | સાંજે ૬ કલાકે |
| ૬ | મતદાન (જણાવેલ સમય મહેલાં હાજર થઈ જનાર મતદાતાને મતદાન કરવા દેવામાં આવશે. બપોરે જમવાની વ્યવસ્થા વાડીમાં છે.) | ૨૨-૦૩-૨૬ | સ.૯ થી બ.૧.૦૦ |
| ૭ | મતગણત્રી | ૨૨-૦૩-૨૬ | બપોરે ૩.૦૦ થી |
| ૮ | મતગણત્રી બાદ ચૂંટણીના પરિણામોની જાહેરાત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે. | | |

સ્થળ : ચૂંટણીની દરેક પ્રક્રીયાનું સ્થળ પાટીદાર વાડી ઘાટકોપર રહેશે.

**-: નોંધ :-**

૧. સમય પત્રકમાં ફેરફાર કરવાનો તથા બંધારણમાં જે બાબત સ્પષ્ટતા ન હોય તે બાબત નિયમ બનાવવાનો તેમજ તેમાં ફેરફાર કરવાનો અધીકાર ચૂંટણી પંચને રહેશે.

૨. સમાજની વર્તમાન કાર્યવાહક સમિતી દ્વારા ચૂંટણી પંચને આપવામાં આવેલ યાદી પ્રમાણે ઉપરોક્ત સમાજનું તા. ૩૧-૧૨-૨૦૨૫ અથવા તે પહેલાં સભ્યપદ મેળવનાર સભ્યોજ મતદાન કરી શકશે.

૩. ચૂંટણી પંચ દ્વારા ચકાસણી બાદ યોગ્ય જણાયેલ ઉમેદવારોમાંથી વધુમાં વધુ ૨૧ ઉમેદવારોને ચૂંટવાના રહેશે.

૪. વર્તમાન કાર્યવાહક સમિતી દ્વારા જારી કરવામાં આવેલ યાદી પ્રમાણે સમાજના નોંધાયેલ ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય તે સભ્યો જ ચૂંટણીમાં મતદાન કરી શકશે.

૫. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીના પરિણામની જાહેરાત તા. ૨૨-૦૩-૨૦૨૬ના રોજ મતગણત્રી બાદ કરવામાં આવશે. જો તા. ૦૧-૦૩-૨૦૨૬ના રોજ ચૂંટણી પંચ અને ઉમેદવારોની સંયુક્ત મીટિંગના અંતે ઉમેદવારી પાછી ખેંચ્યા પછી રહેતા ઉમેદવારોની સંખ્યા ૨૧ કે એનાથી ઓછી રહેતી હોય તો ચૂંટણી પંચ તે દિવસે સંયુક્ત મિટિંગના અંતે ચૂંટણીનું પરિણામ જાહેર કરી શકશે અને તા. ૨૨-૦૩-૨૦૨૬ની પ્રક્રીયા રદ્દ ગણાશે.

અનુસંધાન પાના નં. ૩ પર...